
Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# શ્રી આત્માનંદ પ્રકાશ

# SHREE ATMANAND PRAKASH




Vol-1 * Issue-7-8

May-June-2001

વૈશાખ-જેઠ

મે-જૂન-૨૦૦૧

આત્મ સંવત : ૧૦૫

વીર સંવત : ૨૫૨૭

વિક્રમ સંવત : ૨૦૫૭

પુસ્તક : ૯૮


लोकसेवार्पितो धन्यो निःस्पृहः सूनृतव्रती।
सेवाकार्ये च भूयांसो युज्यन्ते तत्प्रवर्तिते ।।

*

જેણે લોકસેવાના સત્કાર્યમાં પોતાની જાતને અર્પણ કરી છે એવો સત્યવ્રતી નિઃસ્પૃહ મનુષ્ય ધન્ય છે. અને એણે પ્રવર્તાવેલા સેવાકાર્યમાં પોતાના અન્તરના ઉત્સાહથી ઘણા જોડાય છે.

*(કલ્યાણભારતી ચેપ્ટર-૬ : ગાથા-૪૧, પૃષ્ઠ-૧૩૬)*

Printed Published and owned by Shree Jain Atmanand Sabha and Printed at smruti Offset, Songadh and Published at Shree Jain Atmanand Sabha, Khargate, Bhavnagar-364001

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# શ્રી આત્માનંદ પ્રકાશ

તંત્રી : શ્રી પ્રમોદકાંત ખીમચંદ શાહ

## અનુક્રમણિકા


| ક્રમ | લેખ | લેખક | પૃષ્ઠ |
|---|---|---|---|
| (૧) | પાપના પંથેથી પાછા ફરો | અમુલખ ડી. શાહ | ૧ |
| (૨) | મૃત્યુની નિકટતાનું ભાન થાય છે ત્યારે આસક્તિ અને મોહ બધો છૂટી જાય છે | મહેન્દ્રભાઈ પુનાતર | ૨ |
| (૩) | ઝળહળતાં તેજ ખુમારીનાં | પંન્યાસ ઉદયકીર્તિસાગરજી મ.સા. | ૬ |
| (૪) | હિમાલયની પત્રયાત્રા | મુનિશ્રી જંબૂવિજયજી મ. | ૧૦ |
| (૫) | સમસ્યાઓનું નિરાકરણ કાનૂન કરતાં હૃદયમાં વધુ છે. | આ.શ્રી વિજયરત્નસુંદરસૂરીશ્વરજી મ.સા. | ૧૪ |
| (૬) | માત્ર અરીસો બદલ્યા કરવાથી પ્રતિબિંબ કદી બદલાતું નથી.... | મુનિ રાજરત્નવિજય | ૧૬ |
| (૭) | કેવો કળિયુગ આવ્યો છે ! | લક્ષ્મીચંદભાઈ સંઘવીના પુસ્તકમાંથી | ૧૯ |
| (૮) | ઉપાસના | રજુઆત : મહેન્દ્રભાઈ યુ. શાહ | ૨૨ |


રૂા. ૧,૫૧,૦૦૦=૦૦ ડૉ. શ્રી રમણીકલાલ જેઠાલાલ મહેતા-મુંબઈ તરફથી જ્ઞાન ભંડાર કાયમી અનામત કોર્પસ ફંડ

### શ્રી જ્ઞાન આવક

| | | |
|---|---|---|
| રૂા. ૩૦૦૦=૦૦ | શ્રી રૂબી ટેરેસ જૈન દેરાસર-અંધેરી | મુંબઈ |
| રૂા. ૨૦૦૦=૦૦ | શ્રી અરવિંદકુમાર અંબાલાલ શાહ-અંધેરી | મુંબઈ |
| રૂા. ૨૦૦૦=૦૦ | શ્રી નરેન્દ્રકુમાર રતિલાલ શાહ-અંધેરી | મુંબઈ |
| રૂા. ૩૦૦૦=૦૦ | શ્રી માંગીલાલજી જૈન-અંધેરી | મુંબઈ |
| રૂા. ૨૦૦૦=૦૦ | શ્રી પ્રભુદાસ ફૂલચંદભાઈ શાહ-અંધેરી | મુંબઈ |
| રૂા. ૨૦૦૦=૦૦ | શ્રી ઈન્દ્રવદનભાઈ જે. શાહ-અંધેરી | મુંબઈ |
| રૂા. ૩૦૦૦=૦૦ | શ્રી નવીનચંદ્ર મંગળદાસ શાહ-અંધેરી | મુંબઈ |
| રૂા. ૩૦૦૦=૦૦ | શ્રી જયંતભાઈ શાહ-અંધેરી | મુંબઈ |
| રૂા. ૩૦૦૦=૦૦ | શ્રી નવીનભાઈ દવાવાળા-અંધેરી | મુંબઈ |
| રૂા. ૩૦૦૦=૦૦ | શ્રી મહેન્દ્રભાઈ કાંતિલાલ શાહ-અંધેરી | મુંબઈ |

**સભાના નવા આજીવન સભ્યશ્રી :** શ્રીમતી સુધાબેન હસમુખભાઈ સરવૈયા-ઘાટકોપર--મુંબઈ-૭૭

**આ સભાના નવા પેટ્રન મેમ્બરશ્રી**

શ્રી પ્રવિણચંદ્ર મણિલાલ શાહ (વા મેચ સેલ્સ) વાપી

શ્રી સતીષચંદ્ર છોટાલાલ શાહ (સીંક્રોટેક ઇન્જીનીયર્સ) મુંબઈ-૨૮

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ટ્રસ્ટ રજી. નં. એફ-૩૭ ભાવનગર

શ્રી જૈન આત્માનંદ સભા

ભાવનગરનું મુખપત્ર

**શ્રી આત્માનંદ પ્રકાશ**

તંત્રી : પ્રમોદકાંત ખીમચંદ શાહ

ફોન : ઓ. ૫૧૬૬૦૭ ઘર : ૫૬૩૬૪૫

**: માલિક તથા પ્રકાશન સ્થળ :**

શ્રી જૈન આત્માનંદ સભા

ખારગેઈટ, ખોડિયાર હોટલ સામે,

ખાંચામાં, ભાવનગર-૩૬૪૦૦૧

ફોન નં. (૦૨૭૮) ૫૨૧૬૯૮

*

સભા પેટ્રન મેમ્બર ફી રૂા. ૧૦૦૧=૦૦

સભા આજીવન સભ્ય ફી રૂા. ૫૦૧=૦૦

*

**શ્રી આત્માનંદ પ્રકાશ વાર્ષિક જાહેરાત દર :**

આખું પેઈજ રૂા. ૩૦૦૦=૦૦

અર્ધુ પેઈજ રૂા. ૧૫૦૦=૦૦

શૈક્ષણિક ઉત્તેજન, જ્ઞાન ખાતુ, સભા નિભાવ ફંડ, યાત્રા પ્રવાસ આદિમાં વ્યાજું ફંડ માટે ડોનેશન સ્વીકારવામાં આવે છે.

: ચેક ડ્રાફટ :

શ્રી જૈન આત્માનંદ સભા ભાવનગરના નામનો લખવો.

**સભાના હોદ્દેદારશ્રીઓ :**

(૧) પ્રમોદકાંત ખીમચંદ શાહ—પ્રમુખ
(૨) દિવ્યકાંત એમ. સલોત—ઉપપ્રમુખ
(૩) હિંમતલાલ એ. મોતીવાળા—મંત્રી
(૪) ચીમનલાલ વર્ધમાન શાહ—મંત્રી
(૫) ભાસ્કરરાય વી. વકીલ—મંત્રી
(૬) હસમુખરાય જે. હારીજવાળા—ખજાનચી

# પાપના પંથેથી પાછા ફરો

(તર્જ : જયોત સે જયોત જલાતે ચલો)

પાપના પંથેથી પાછા ફરો,
પૂણ્ય રળીને મુક્તિ વરો;
જન્મોના બંધન દૂર કરવા,
પૂણ્ય રળીને મુક્તિ વરો.
પાપના પંથેથી......

સંસારે જે સુખ મળ્યા છે,
મીઠા ઘડી ભર લાગે;
ભોગવતાં જો મનડું ફૂલાયે,
દુઃખ મળે છે આગે;
આસક્તિ સુખની દૂર કરો,
પૂણ્ય રળીને મુક્તિ વરો.
પાપના પંથેથી......

શક્તિ ભરી છે એવી તનમાં,
પર હિત કાર્યો કરવા;
પુણ્ય પ્રતાપે લક્ષ્મી મળી છે,
શુભ કાર્યો આદરવા;
પળ મળે પરમાર્થ કરો,
પૂણ્ય રળીને મુક્તિ વરો.
પાપના પંથેથી......

ભવસાગરની ભ્રમણા વધે નહિ,
જો રહો પાપથી ડરતા;
શ્રી વૃદ્ધિચંદ્રજી મંડળ ગાવે,
પ્રભુ કૃપા એ કર્મ ખપતા;
ભાવ ધરી, પ્રભુ ભક્તિ કરો,
પૂણ્ય રળીને મુક્તિ વરો.
પાપના પંથેથી......

*—રચયિતા : અમુલખ ડી. શાહ*

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# મૃત્યુની નિકટતાનું ભાન થાય છે ત્યારે આસક્તિ અને મોહ બધો છૂટી જાય છે

લેખક : મહેન્દ્ર પુનાતર

જન્મ અને મૃત્યુ ઘટમાળ છે. મૃત્યુ કોઈને છોડતું નથી. ગમે તેવો ચરમબંધી માણસ હોય તો પણ તેને જવાનું છે. આ કુદરતી અનિવાર્ય ઘટના છે. મૃત્યુ એ જીવનનો બોધ છે. મૃત્યુ છે એટલે જીવન આટલું રસમય બન્યું છે. આજે ભીડમાં ખોવાયેલો, થાકેલો, હારેલો અને હતાશ થયેલો માણસ સમયના ભાર હેઠળ મૃત્યુને ભૂલી ગયો છે. કેટલાક માણસો કમોતે મરે છે. મૃત્યુ ડગલે ને પગલે પીછો કરતું હોય છે. કોઈ ગરીબીના કારણે મૃત્યુ પામે છે, કોઈ બીમારીનો, અકસ્માતનો ભોગ બને છે. કોઈ ભૂખથી મરે છે તો કોઈ નશાના કેફમાં મરે છે. જીવન કરતા મૃત્યુ સસ્તું બની ગયું છે.

માણસની સંવેદના હવે બૂઠી બની ગઈ છે. મોટા શહેરોમાં અકસ્માત થયો હોય તો લોકો ટોળે વળી જશે, પરંતુ તેને હોસ્પિટલ ભેગો કરવા કોઈ આગળ આવશે નહીં. માણસને આ માટે સમય હોતો નથી. આવા વખતે તાત્કાલિક સારવાર મળે તો માણસની જિંદગી બચી શકે, પરંતુ આવી ફુરસદ કોને છે? અકસ્માત થયો હોય, માણસ દમ તોડતો હોય ત્યારે આને કારણે ગાડી પાંચ મિનિટ મોડી પડી તેની આપણે ચિંતા કરતા હોઈએ છીએ.

દુઃખના સમયમાં, બીમારીઓમાં અથવા કોઈ પણ જાતના સંકટમાં સગાંસંબંધીઓ અને પાડોશીઓ ખડેપગે હાજર રહે એવો સમય હવે ચાલ્યો ગયો છે. લોકો ઔપચારિક રીતે ખબરઅંતર પૂછી જાય, પરંતુ સેવાની ભાવના રહી નથી. ઘરના નજીકના જેમના માથે જવાબદારી હોય છે તેઓ મને-કમને સેવા કરતા હોય છે. અત્યારે તો માંદા પડવું એ પણ એક ગુનો છે. માણસ માંદો પડે તો લાંબો થઈ જાય છે. તબીબી ખર્ચ વધ્યો છે. હોસ્પીટલના મોંઘા દરો અને દવાના ખર્ચા ભારે પડી જાય છે. જિંદગીનો સવાલ હોય છે એટલે મુશ્કેલી વેઠીને પણ આ બધુ કરવું પડે છે. લાંબી, અસાધ્ય બીમારી માણસને ખુવાર બનાવી નાખે છે.

માણસ જેટલો નજીકનો હોય છે એટલું મૃત્યનું દુઃખ હોય છે. કેટલીક વખત મૃત્યુનો મલાજો-અદબ જળવાતી નથી. પહેલાં દુશ્મનનું મૃત્યુ પણ માણસને અકળાવી નાખતું હતું. આજે નજીકના માણસો પણ મોઢું ફેરવી લેતા અચકાતા નથી. માણસ મૃત્યુ પામે ત્યારે તેને ખભો આપવાની બાબતનું ખૂબ મહત્ત્વ હતું. માણસ વિચારતો જિંદગીભર તો હું તેને ઉપયોગી બન્યો નથી મૃત્યુ સમયે આટલું તો કરું. આવી હતી આ પાછળની ભાવના. જિંદગીમાં પોતાના ગણી શકાય એવા લોકો થોડો થોડો ટેકો આપે તો માણસ થોડું લાંબુ જીવી શકે. જીવનભર ટેકા વગર રહેલા માણસને માત્ર મૃત્યુ સમયે ખભો મળે છે એ સમયની બલિહારી છે. સાદડી અને પ્રાર્થનાસભાઓમાં અંતરની ભાવના કરતા ઔપચારિકતા અને દિલસોજી કરતા દિખાવટ વધુ જોવા મળે છે.

માણસને જિંદગીમાં જેટલું માન મળતું નથી એટલું મરણોતર મળે છે. શોકસભા અને

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પ્રાર્થનાસભાઓમાં સદ્ગતની ભારોભાર પ્રશંસા થતી હોય છે. તેના નાનામાં નાના ગુણોની કદર થતી હોય છે. માણસને જિંદગી કરતા મૃત્યુ વધુ યશ અપાવે છે. મૃત્યુ પછી આપણે તેના ગુણો ગાઈએ છીએ. એ માણસ જીવતો હોય ત્યારે બે સારા શબ્દો કહ્યા હોત તો તેની છાતી ગજગજ ફૂલત અને તેને જીવવાનું કોઈ બહાનું મળી રહેત.

જીવનમાં આપણને એવી કેટલીય વ્યક્તિઓ મળે છે. જેમનું કોઈ ને કોઈ કાર્ય આપણને સ્પર્શી જતું હોય છે, તેમના પ્રત્યે અહોભાવની લાગણી ઊભી થાય છે. તેના કાર્યોને, ભાવનાને મનોમન બિરદાવવાનું મન થાય છે, પરંતુ આપણે આ લાગણી સંવેદના વ્યક્ત કરતા નથી. આમાં આપણો અહંકાર આડો આવે છે. આપણે તેના ગુણાનુસાર આવો સારો ભાવ પ્રગટ કરીએ તો તેને કેટલો આનંદ થાય. આપણે આ અહોભાવ પ્રગટ કરવા માટે શું તેના મૃત્યુ સુધી રાહ જોવાની જરૂર છે? આવો ભાવ તેની હયાતીમાં શા માટે પ્રગટ ન થાય? મૃત્યુ પછી કોઈ સારું બોલે તો સારું લાગે છે, પરંતુ આમાં મોટેભાગે બોલનારની સચ્ચાઈ કરતા દંભ વધુ લાગે છે. એ માત્ર શબ્દો હોય છે એમાં અંતરનો રણકો હોતો નથી.

કોઈ પણ માણસનું માન, સન્માન અને બહુમાન કરવાનું હોય તો તેની હયાતીમાં થવું જોઈએ. મૃત્યુ પછીનું આવું બહુમાન, ચંદ્રકો, ખિતાબો કે મરણોતર એવોર્ડનું મૂલ્ય શું? તેની સ્મૃતિ જાળવી રાખવાના તણખલા જેવા પ્રયાસોનો અર્થ શો? સત્કાર્યો એ જ માણસની સ્મૃતિ છે. સારા સજ્જન માણસોની શોકસભાઓને બદલે તેમની હયાતીમાં સન્માન સભાઓ રાખવી જોઈએ અને તેમના પ્રત્યેનો પ્રેમભાવ પ્રગટ કરવો જોઈએ. આમાં માણસને વધુ સારા કાર્યો કરવાની પ્રેરણા મળશે, તેનો જુસ્સો ઔર વધશે. મરણોતર ગુણગાનનો કોઈ અર્થ નથી.

આપણે મનુષ્યોને રોજ મરતા જોઈએ છીએ આમ છતાં બોધ થતો નથી. આપણે પછી એક દિવસ જવાના છીએ એ ભુલાઈ જાય છે અને કાયમના માટે અહીં રહેવાના હોઈએ તેવી રીતે વર્તીએ છીએ. આપણે ધનદોલત, માન-સન્માન, કીર્તિ-યશ બધું ભેગું કરવાના પ્રયાસો કરતા રહીએ છીએ. કશું છૂટતું નથી. જિંદગીના આરે આવીને ઊભેલો માણસ પણ કશું છોડવા તૈયાર નથી. જિંદગી જેમ જેમ પસાર થતી રહે છે તેમ તેમ પરિગ્રહની પક્કડ વધુ મજબૂત બનતી જાય છે. મૃત્યુ બધું છોડાવી દે છે. કશું સાથે આવતું નથી. માત્ર સારા કાર્યો અને સદ્ભાવના ટકી રહે છે. મૃત્યુનો બોધ થાય તો માણસનું જીવન પરિવર્તન થઈ જાય. આ અંગેનું એક દૃષ્ટાંત પ્રેરક છે.

એક માણસને પોતાના સ્વભાવના કારણે બધા સાથે કાંઈક ને કાંઈક ખટરાગ રહેતો હતો. ઘરમાં અને બહાર તે અપ્રિય બની ગયો હતો. બધાની સાથે તેને વાંકું પડતું હતું. લોકો તેની સાથે વાત કરવા તૈયાર નહોતા. આથી તે ખૂબ કંટાળી ગયો હતો. તે સંત એકનાથ પાસે ગયો અને પોતાના મુંઝવણની વાત કરી.

સંત એકનાથે કહ્યું, 'તારી મુંઝવણ હવે વધુ વખત નહીં રહે. આજથી સાતમા દિવસે તારું મૃત્યુ થવાનું છે. જે કરવું હોય તે કરી લે.

મત્યુનું નામ સાંભળતા આ માણસ એકદમ ગભરાઈ ગયો. જીવન પ્રત્યેનો રસ ઊડી ગયો. અહંકાર ઓગળી ગયો. પોતાના વર્તન માટે પસ્તાવો થવા લાગ્યો. તે ઘેર ગયો પત્નીની માફી માગી. સંતાનો અને પાડોશીઓને કહ્યું, 'મારાથી

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



કાંઈ અપરાધ થયો હોય તો માફ કરજો.' કોઈ પણ ચીજમાં તેનું મન લાગ્યું નહીં. આસક્તિ છૂટી ગઈ. ધન-દોલતનો મોહ રહ્યો નહીં. બધું સંતાનોને સોંપી દીધું. છ દિવસમાં તેનામાં ગજબનું પરિવર્તન આવી ગયું. માણસ સમૂળગો બદલાઈ ગયો. ક્રોધ-રોષ ચાલ્યો ગયો. માણસ નરમઘેંશ જેવો બની ગયો. છ દિવસ પૂરા થયા અને તે સંત એકનાથ પાસે ગયો અને કહ્યું, 'હવે એક દિવસ બાકી છે. મને અંતિમ વિદાય આપો અને મારું આત્મકલ્યાણ સધાય તેવો બોધ આપો.'

સંત એકનાથ તેના સામે જોઈ રહ્યા અને કહ્યું, 'તારું મૃત્યુ હવે મરી પરવાર્યું છે. અને નવું જીવન મળ્યું છે.' રાગ, દ્વેષ, ક્રોધ, અભિમાન અને અહમ્ ઓગળી જાય છે ત્યારે માણસને નવી જિંદગી મળે છે. મૃત્યુની નિકટતાનું ભાન થાય છે ત્યારે આસક્તિ રહેતી નથી. મૃત્યુ માણસને સંયમ અને મર્યાદામાં રાખે છે. દ્વેષ અને વેરઝેર ભુલાઈ જાય છે.

મહાવીર સ્વામીએ ગૌતમપ્રભુને હંમેશા એ જ કહ્યું હતું કે, 'પળભરનો પ્રમાદ કરશો નહીં.' કોને ખબર છે કે આવતી પળ તમે છો કે નહીં. એક પળ જે હાથમાં આવી છે તેને જાગૃતિથી જીવી લો અને તેનો સદ્ઉપયોગ કરો. દરરોજ નવી સવાર ઉગે છે અને નવો સમય મળે છે. આ સમયનો કેવી રીતે ઉપયોગ કરવો એ આપણે વિચારવાનું છે. પરમાત્માની કૃપાથી આ બધું મળ્યું છે. અંત સમયે તેનો હિસાબ આપવાનો છે. જમા પાસું વધારે રહે તેવા પ્રયાસો કરવાના છે. જેણે પોતાની બુદ્ધિ, શક્તિ અને સંપત્તિનો સદ્ઉપયોગ કર્યો છે તેને ડરવાનું નથી પરંતુ જેણે દુષ્કૃત્યો કર્યા છે તેનું જીવન તો બગડી ગયું છે પણ મોત પણ બગડી જશે, અકળાવનારું બની જશે. માણસે જીવન અને મૃત્યુ બંનેને સુધારવું જોઈએ. કબીરની એક સાખી છે...

**"આયે હૈ સૌ જાયેંગે, રાજા રંક ફકીર**
**ઈક સિંહાસન ચઢિ ચલે, ઈક બંધી જાત જંજીર**
**ગારી એક હૈ ઉલટત હોત અનેક**
**કહત કબીર ન ઉલટિયે રહે એક હી એક."**

જે માણસ જન્મે છે તેનું મૃત્યું નિશ્ચિત છે પછી તે રાજા હોય, રંક હોય કે ફકીર હોય. બધાએ એક વખત જવાનું છે. કશું સાથે આવવાનું નથી. બધું અહીંનું અહીં છે. મૃત્યુથી ડરવાનું નથી તેને સમજવાનું છે. જે જીવનને સમજી શકે છે તે મૃત્યુને સમજી શકે છે. જીવનનો જે સહજતાથી સ્વીકાર કરી શકે છે એ મૃત્યુનો પણ એટલી સાહજિકતાથી સ્વીકાર કરી શકે છે. મૃત્યુ તેને ડરાવી શકતું નથી, પરંતુ તેને સમાવી લે છે.

મૂળ વાત જીવનને કેવી રીતે જીવવું તે છે. માણસે એવી રીતે જીવવું જોઈએ કે તે કોઈની આડે ન આવે. એકવાર રામકૃષ્ણ પરમહંસને એક ભક્તજને પૂછ્યું, 'ઠાકુર અમારે સંસારમાં કેવી રીતે રહેવું?' રામકૃષ્ણ બોલ્યા, 'બધા કામો કરવા પણ મન પ્રભુમાં રાખવું. પત્ની, પુત્ર, માબાપ એ બધાની સાથે રહેવું, તેમની સેવા કરવી. પોતાના માણસ છે એવો ભાવ રાખવો, પરંતુ મનમાં સમજવું કે આમાંથી આપણું કોઈ નથી. હોડી પાણીમાં રહે તેમાં વાંધો નથી, પરંતુ હોડીમાં પાણી રહેવું જોઈએ નહીં. સાધક ભલે સંસારમાં રહે પણ સાધકના મનમાં સંસાર રહેવો જોઈએ નહીં.' પ્રભુના સાનિધ્યમાં જ મુક્તિનો અનુભવ થઈ શકે. આ માટે મોહને ત્યજીને પ્રેમ અને ભક્તિનો માર્ગ એ જ કલ્યાણનો માર્ગ છે.

*(મુંબઈ સમાચાર તા. ૧૪-૨-૯૯ના જિનદર્શન વિભાગમાંથી સાભાર)*

❑ ❑ ❑

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# અણહક્કની ચીજ ન લેવાય

એક ભાઈએ કહેલી વાત તેમના જ શબ્દોમાં,

'વરસોથી મને પોતાને ગરીબોની સેવા કરવાનો ભારે રસ છે. દર વરસે શિયાળાના ટાઈમમાં વહેલી સવારે ધાબળાઓ લઈને ગલીઓમાં નીકળી પડું છું. ઠંડીમાં ધ્રુજતા...ટુંટિયું વાળીને પડેલા...ફૂટપાથ પર સૂતા આ ગરીબોનો અને ભિખારીઓના શરીર પર ધાબળાઓ નાખી દઉં છું....

એક દિવસ દાદર બાજુ ધાબળાઓ લઈને નીકળ્યો....સૂતેલા એક ભિખારી પર જેવો ધાબળો નાખ્યો કે તરત જ તે ઊઠી ગયો....ઊભો થઈને મારા પગમાં પડી ગયો....પછી કહે 'શેઠ! ગઈ સાલ તમે જે ધાબળો ઓઢાડી ગયેલા તે ધાબળો હજી અકબંધ પડયો છે....અત્યારના પડતી ઠંડી એવી જોરદાર નથી કે ધાબળો ઓઢવો જ પડે, તેથી રોજ માથા નીચે રાખીને સૂઈ જાઉં છું....એટલે મારી પાસે તો ધાબળો છે જ, આ ધાબળો આપ કોઈ એવા ગરીબને આપી દો કે જેની પાસે ધાબળો હોય જ નહિ!'

ભિખારીઓને 'લુચ્ચા...હરામ-હાડકાના...બદમાશ' વગેરે હલકા વિશેષણોથી નવાજતા પહેલાં આ દૃષ્ટાંત ધ્યાનપૂર્વક વાંચી જજો. એ કહે છે કે 'અણહક્કનું ક્યારેય લેતા નહિ અને જરૂરિયાત કરતાં વધારે રાખતાં નહિ.'

**SHASHI INDUSTRIES**

SELARSHA ROAD, BHAVNAGAR-364001

PHONE : (O) 428254-430539

Rajaji Nagar, BALGALORE-560010

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# ઝળહળતાં તેજ ખુમારીનાં

*લેખક : પંન્યાસ ઉદયકીર્તિસાગરજી મ. સા.*

અવન્તી નગરીનું નામ કર્ણપટે પડતાં જ માનવ માત્રના મનમાં અજબ આકર્ષણ ખડું થઈ જાય!

જીવનમાં એકાદવાર આ અતીવ રમણીય નગરીને સ્વચક્ષુ વડે નિહાળવાનું ભાગ્ય સાંપડે તો ધન્ય બની જવાય! નેત્ર પરમ સંતૃપ્તિ અનુભવે!

માલવ દેશની આ નગરી છે ને પ્રથમ તીર્થંકર શ્રી ઋષભદેવના સુપુત્ર શ્રી અવન્તી-કુમારના નામથી સુપ્રસિદ્ધ થયેલી છે આ નગરી!

જેમ આકાશમાં ચંદ્ર શોભે, કંઠમાં રત્નહાર શોભે એમ અનેક નગરીઓથી ભર્યા ભર્યા આ વિશ્વમાં આ નગરી શોભી રહી છે!

ધર્મની પ્રભા પ્રસારતાં અનેક જિન-મંદિરોવાળી આ નગરીમાં અમૃતતોયા ક્ષિપ્રા નદીના કિનારે શ્રી અવન્તી પાર્શ્વનાથ ભગવાનનું ભવ્ય મંદિર છે.

લોકો ત્યાં જતાં, ફરતા, એની શોભાને નજર ભરીને નીરખતા અને જયાં જાય, ત્યાં અવન્તી નગરીની શોભાની બે મોંઢે પ્રશંસા કરતા!

પૃથ્વીના લલાટ પર શોભતી બિન્દી જેવી નગરી અવન્તી! એની તોલે તો કોઈ ન આવે! અહીં આવનારા આશ્ચર્ય પામતા તો અહોભાવ પણ અનુભવતા! તૃપ્તિના આનંદથી મન ભરાઈ જતું!

પ્રભુ મહાવીરના સમયમાં આ નગરીમાં ચંડપ્રદ્યોત રાજા થઈ ગયા. તેમના પછી આવ્યા નવ નંદ રાજા. પછી ચંદ્રગુપ્ત ને પછી આવ્યા રાજા અશોક.

જૈન ધર્મના પરમ આરાધક રાજા સંપ્રતિનું નામ દિગ દિગંત વ્યાપી બન્યું. રાજાઓ આવ્યા અને ગયા.

સમયનો વાયરો ફૂંકાતો રહ્યો. કાળની કેડીએ પગલાં પડતાં રહ્યાં.

અને......અને......

આજથી અઢી હજાર વર્ષ પહેલાંનો એ સમય પણ આવી ગયો. અવંતીમાં ગંધર્વસેન રાજા પ્રજાપાલન કરતા હતા. ન્યાયનીતિ માટે તેઓ સુપ્રસિદ્ધ હતા.

તેમના બે પુત્રો. ભર્તૃહરિ અને વિક્રમાદિત્ય. ભર્તૃહરિ રાજા ભીમની પુત્રી અનંતસેના ઉર્ફે પિંગલા સાથે પરણાવવામાં આવ્યો હતો. ગંધર્વસેનના દેહાંત પછી ભર્તૃહરિનો રાજયાભિષેક કરવામાં આવ્યો. જયારે વિક્રમાદિત્ય યુવરાજપદે વિભૂષિત થયા. દિવસો વીતવા લાગ્યા.

પ્રજાના સુખ દુઃખમાં ભાગીદાર બંને બંધુઓ હર્ષપૂર્વક કાલ નિર્ગમન કરતા હતા. પણ બન્યું એવું એક દિવસે પત્નીના કહેવાથી ભર્તૃહરિએ વિક્રમાદિત્યનું અપમાન કર્યું. વિક્રમાદિત્યને લાગી આવ્યું : 'અરેરે! ભાભીના ચઢાવવાથી ભાઈએ મને તણખલા તોલે કરી નાખ્યો?' ને અપમાનની આગમાં સળગતા વિક્રમાદિત્યને વતનને છોડવાનો નિર્ણય કરી નાખ્યો. પરાક્રમી પુરુષો અપમાનિત થઈને વતનમાં રહેવા કરતાં વિદેશમાં જઈને કષ્ટ વેઠવાનું વધારે પસંદ કરે છે.

ને એમ જ થયું. એણે અવંતીનો ત્યાગ કર્યો. ને વિદેશની વાટે ચાલી નીકળ્યો.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ખૂબ પ્રતિભાશાળી અને પરાક્રમી હતો વિક્રમાદિત્ય! વિશાળ લલાટ, ચમકતાં ચપળ નેત્રો, વિશાળ છાતી અને ઢીંચણ સુધી અડતા બાહુ! અવધૂતનો વેશ ધારણ કરીને એ ડગલા માંડી રહ્યો હતો.

નગરે નગરે એ ફરતો. ગામે ગામે જતો.

ફરતો ફરતો છેવટ એક ગામમાં આવીને તે ઊભો રહ્યો. એની નજરે લોકોનું ટોળું પડ્યું. તેને અચરજ થયું.

ટોળાની વચ્ચે તેણે એક માણસને જોયો. તેણે કપાળે ટીલાંટપકાં કર્યા હતા. ટૂંકી ધોતલી પહેરી હતી. તેના માથા પર ચોટલી ફરફરી રહી હતી. હસીને તે લોકોના મનનું સમાધાન કરતો હતો.

વિક્રમાદિત્યને થયું. 'જરૂર આ માણસ મહાન પંડિત કે પછી જ્ઞાની હોવો જોઈએ.

તે આવું વિચારી રહ્યો હતો, ત્યાં જ પેલા પંડિતની નજર વિક્રમાદિત્ય પર પડી. તેને જોતાં જ પંડિતને ખ્યાલ આવી ગયો કે આ તેજસ્વી પુરુષ અવધૂતના વેશમાં કોઈ રાજકુમાર જ લાગે છે. માટે મારે એને મળવું જ જોઈએ.

થોડીવાર પછી ટોળુ વિખરાઈ ગયું. પંડિતનું નામ ભટ્ટમાત્ર હતું. લોકો હવે જવા લાગ્યા એટલે વિક્રમાદિત્ય પણ ચાલવા લાગ્યો. ભટ્ટમાત્ર પણ તેની પાછળ પાછળ જવા લાગ્યો. થોડીવારમાં બંને એકમેકને મળ્યા. બંને મિત્રો બની ગયા. ને તેઓ ચાલતા ચાલતા રોહણાચલ પર્વત પાસેના ગાએ જઈ પહોંચ્યા. ગામલોકો સાથે તેમણે વાતો કરી. તેમની પાસેથી ભટ્ટમાત્રને જાણવા મળ્યું કે,

'રોહણાચલ પર્વતમાં રત્નોની ખાણ છે. જે કોઈ માનવી માથે હાથ મુકી 'હા દૈવ, હા દૈવ' એવું કહે, તેને પર્વત રત્ન આપે છે.'

પણ વિક્રમ તે માટે તૈયાર નહોતો. એણે ભટ્ટમાત્રને કહ્યું.

'આવાં વચન બોલવાં એ તો કાયરનું કામ છે. હું કાયર નથી. રોહણાચલ પર્વત જો મને આવાં દીનતા વાચક વચનો કહેવડાવ્યા સિવાય રત્ન આપે તો જ હું લઉં. પરાક્રમી પુરુષ કદીપણ કાયરતા બતાવતો નથી.'

ભટ્ટમાત્ર હસ્યો. કદાચ તેના મનમાં કોઈ યુક્તિ હશે.

બંને જણ રોહણાચલ પર્વત પાસે ગયા. ભટ્ટમાત્રે વિક્રમને 'હા દૈવ, હા દૈવ' કહેવા માટે કહ્યું. પણ વિક્રમે તેમ ન કહ્યું. પણ કુહાડા વડે ખોદવા માંડ્યું પણ રત્ન ન નીકળ્યું.

એ જ સમયે ભટ્ટમાત્રએ યુક્તિપૂર્વક કહ્યું.

'વિક્રમ સાંભળ, અવંતીથી એક દૂત આવેલો. તેણે સમાચાર આપ્યા છે કે, તમારી માતા શ્રીમતી રાણીનું અવસાન થયેલ છે.'

આ સાંભળતાં જ વિક્રમને આઘાત લાગ્યો. તેને હૃદય પર અસર થઈ ને તેનાથી 'હા દૈવ, હા દૈવ' એવું બોલાઈ ગયું.!'

ને પછી તો પર્વતમાંથી રત્ન નીકળી પડ્યું.' રત્નનો પ્રકાશ ઝળાંહળાં થઈ રહ્યો!

રત્ન લઈને ભટ્ટમાત્રએ વિક્રમના હાથમાં મૂક્યું ને કહ્યું. 'અરે મિત્ર! આ ઝળહળતું રત્ન તો જો! અંધકારમાં પણ પ્રકાશ કરનારું એનું તેજ કયાં? ને તારા મુખ પરનો વિષાદ ક્યાં?

સાચું કહું મિત્ર? તારી માતા કુશળ છે, તેમને કશું જ થયું નથી. માત્ર 'હા દૈવ. હા, દૈવ' એવા શબ્દો બોલાવવા માટે જ મેં તે યુક્તિપૂર્વક કહ્યું હતું. માટે ઉદાસીનતા દૂર કર, મિત્ર'.

ભટ્ટમાત્રના મુખેથી માતાના કુશળતાના સમાચાર સાંભળી અવધૂત વિક્રમ હર્ષ પામ્યો.

માતા એટલે માતા.

સર્વ દેવોના દર્શનથી જે પુણ્ય થાય છે, તે પુણ્ય માતાના ચરણને વંદન કરવા માત્રથી થાય છે.

માતા પ્રત્યે અત્યંત ભક્તિવાળો તે વિક્રમ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ખીણ પાસે આવ્યો ને રત્નને ખીણમાં ફેંકી દીધું અને બોલ્યો.

'અરે! રોહણાચલ, દીન દુ:ખીજનો પાસે આવાં દીનવચનો બોલાવી તું રત્ન આપે છે, તેથી તેને ધિક્કાર હો.'

ભટ્ટમાત્ર તો ચકિત જ થઈ ગયો, તે બોલ્યો:

'મિત્ર વિક્રમ! આ તે શું કર્યું? મહા પ્રયાસે મેળવેલ તેજસ્વી રત્ન તેં ખીણમાં ફેંકી દીધું?'

વિક્રમ બોલ્યો :'મિત્ર ભટ્ટમાત્ર, આવાં દીન વચનો બોલીને મેળવેલાં રત્નો શા કામનાં?

વીર પરાક્રમી પુરુષો પાસે તો લક્ષ્મી સ્વયં રાજી થઈને ચાલી આવે છે.

વીર પુરુષોને તો બાહુના પરાક્રમમાં જ લક્ષ્મી હોય છે.

''દૈવ! દૈવ!' શબ્દોનો ઉચ્ચાર તો જે કાયર હોય તે જ કરે.'

ભટ્ટમાત્ર તો વિસ્મય જ પામી ગયો! વિક્રમના તેજ ગૌરવથી તે ચકિત થઈ ગયો.

આવો નરવીર તો એણે કદી જોયો જ નહોતો. એણે તો જોયા હતા માત્ર લાલચું માણસ! લક્ષ્મી માટે દીન બની જનારા માણસો! જ્યારે આ વિક્રમ તો---

વિક્રમ તો વિક્રમ જ છે. એક અને અદ્વિતીય છે. પરમ પરાક્રમી છે. કાયરતાને ધિક્કારનારો છે.

એને વિક્રમની વીરતા ગમી. એની પરાક્રમની વાતો ગમી.

કાયરતા માટેનો ધિક્કાર એને ગમ્યો.

ધન્ય છે આવા નરવીરને! એની તેજસ્વિતાની, એની ખુમારીની, એના ખમીરની અને એના સ્વાભિમાનની મનોમન પ્રશંસા કરતાં તે વિક્રમની સાથે ચાલવા લાગ્યો. બન્ને મિત્રો દેશ-વિદેશમાં ભ્રમણ કરવા લાગ્યા.

*('તેજ તિમિરના તીખા તણખા' પુસ્તકમાંથી સાભાર)*


## ભાવનગર નાગરિક સહકારી બેંક લિ.

હેડ ઓફિસ : ૧૪, ગંગાજળીયા તળાવ, ભાવનગર ફોન : ૪૨૯૦૭૦ ફેક્સ નં. (૦૨૭૮)) ૪૩૦૧૯૫

**: શાખાઓ :**

| | | | |
|---|---|---|---|
| ડોન : કૃષ્ણનગર<br>ફોન : ૪૩૯૭૮૨ | વડવા પાનવાડી<br>ફોન : ૪૨૫૦૭૧ | રૂપાણી-સરદારનગર<br>ફોન : ૫૬૫૯૬૦ | ભાવનગર-પરા<br>ફોન : ૪૪૫૭૯૬ |
| રામમંત્ર-મંદિર<br>ફોન : ૫૬૩૮૩૨ | ઘોઘા રોડ શાખા<br>ફોન : ૫૬૪૩૩૦ | શિશુવિહાર સર્કલ<br>ફોન : ૪૩૨૬૧૪ | |

**તા. ૧-૪-૨૦૦૧ થી થાપણો ઉપરના સુધારેલ વ્યાજના દર**

| સલામત રોકાણ | આકર્ષક વ્યાજ | સલામત રોકાણ | આકર્ષક વ્યાજ |
|---|---|---|---|
| ૩૦ દિવસથી ૯૦ દિવસ સુધી | ૫.૫ ટકા | ૨ વર્ષથી ૩ વર્ષની અંદર | ૯ ટકા |
| ૯૧ દિવસથી ૧ વર્ષ અંદર | ૬.૫ ટકા | ૩ વર્ષ કે તે ઉપરાંત | ૧૦ ટકા |
| ૧ વર્ષથી ૨ વર્ષની અંદર | ૮.૫ ટકા | | |

૮૫ માસે રકમ ડબલ મળશે.

સેવિંગ્ઝ ખાતામાં વ્યાજનો દર તા. ૧-૪-૨૦૦૧ થી ૫ ટકા રહેશે.

| | | |
|---|---|---|
| **મનહરભાઈ એચ. વ્યાસ**<br>જનરલ મેનેજર | **નિરંજનભાઈ ડી. દવે**<br>મેનેજિંગ ડીરેક્ટર | **વેણીલાલ એમ. પારેખ**<br>ચેરમેન |


For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# વ્યર્થની દોડ

બગીચાનાં બાંકડા પર બેસીને બે શ્રીમંત છોકરાઓ વાતો કરતા હતા...અને તેમની બાજુમાં ઉભેલો ગરીબનો છોકરો એ વાતો સાંભળતો હતો....

'દોસ્ત ! મારા પિતાજી મર્યા ત્યારે રૂા. ૧૦ લાખ મૂકતા ગયા !'

'એમાં શું ? મારા પિતાજી આ દુનિયામાંથી વિદાય થયા ત્યારે રૂા. ૨૦ લાખ રોકડા....ચાર બંગલા અને છ મોટરો મૂકતા ગયા....'

આ સાંભળીને પેલો ગરીબનો છોકરો ખડખડાટ હસવા લાગ્યો....

'અલ્યા ! હસે છે કેમ ?'

'હસુ નહિ તો બીજું શું કરું ? તમારા પિતાશ્રીઓ તો ૧૦-૨૦ લાખ મૂકીને મર્યા જ્યારે મારા બાપુજી તો આખી દુનિયા મૂકીને મર્યા ! બોલો, તમારા કરતાં હું વધારે નસીબદાર ખરો કે નહિ ?'

હડકાયા કૂતરાની જેમ સંપત્તિ મેળવવા માટે ચારેય બાજુ ભટકતા આજના શ્રીમંતોએ આ દૃષ્ટાંત યાદ રાખવા જેવું છે....ગમે તેટલી સંપત્તિ એકઠી કરો...એ સંપત્તિ અહીંયા જ રહી જવાની છે....અને એની ખાતર કરેલા પાપો પરલોકમાં સાથે જ આવવાના છે. આ સનાતન સત્યને ભૂલશો નહિ.

---

With Best Compliments from :

**AKRUTI**

**NIRMAN PVT. LTD.**

201, Mukhyadhyapak Bhavan, Road No. 24,
Above Nityanand Hall, SION (W.) MUMBAI-400 022
Tele : 408 17 56 / 408 17 62 (code No. 022)

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# હિમાલયની પત્રયાત્રા

*આલેખક : પૂ. મુનિરાજશ્રી જંબૂવિજયજી મ.*
*પ્રેષક : પૂ. આ. વિ. પદ્યુમ્નસૂરિશ્વરજી મ.*

## પત્ર–૧૧

**તિલાણી** જેઠ સુદિ-૨

વંદના. આજે સવારે તંબુમાંથી વિહાર કરી ચાર--પાંચ કીલોમીટર દૂર ગુલાબરાય આવ્યા. ગુલાબરાયમાં સડકના બંને કિનારે હોટેલો-રેસ્ટોરાં વગેરે ઘણા પ્રમાણમાં છે. ત્યાંથી બે કિલોમીટર દૂર રૂદ્રપ્રયાગ આવ્યા. રૂદ્રપ્રયાગ તો તીર્થધામ છે. પંદર--વીસ હજાર માણસોની વસ્તી હોવી જોઈએ. બજાર--બંગલાઓ--આશ્રમો--ધર્મ-શાળાઓ--દુકાનો અલકનંદાના બંને કિનારા ઉપર ઘણાં છે. અમારા બીજા બધા, સીધા બદરીનાથની સડકે ચાલીને ત્રણ કીલોમીટર દૂર તિલાણી ગામે સ્કુલ છે ત્યાં પહોંચ્યા અમે સંગમ જોવા માટે અલકનંદા ઉપર પુલ બાંધેલો છે તે ઓળંગીને સામે કિનારે પહોંચ્યા. અહીંથી કેદારનાથ ૭૬ કીલોમીટર છે. કેદારનાથના રસ્તે લગભગ એક કીલોમીટર ગયા પછી રૂદ્રનાથ મહાદેવનું મંદિર સડકથી વીસેક પગથિયાં ઉપર છે. ત્યાં જ જોડે નારદ મહર્ષિએ તપશ્ચર્યા કરી હતી તે સ્થળ છે. જોડે જ વેદનો અભ્યાસ કરાવનારૂં વિદ્યાલય છે. લગભગ ૨૦૦ વિદ્યાર્થીઓ ભણે છે, અત્યારે તો વેકેશન હતું. આ બધું પ્રાચીન સ્થાન, પ્રાચીન મંદિરો આદિ જોયું. તે પહેલાં સડકથી દોઢસો-બસો પગથિયાં નીચે ઊતરીને પ્રયાગ જોવા ગયા. વચમાં ચામુંડા માતાનું મંદિર છે. પ્રયાગ સુધી ઠેઠ નીચે પહોંચ્યા. બે નદીઓના સંગમને પ્રયાગ કહેવામાં આવે છે. કેદારનાથમાંથી આવતી મંદાકિનીનો બદરીનાથથી આવતી અલકનંદા સાથે સંગમ થાય છે. જ્યાં સંગમ થાય છે ત્યાં અલકનંદાનાં મોજાં ખૂબ જ જોરથી ઊછળી રહ્યા છે. સમુદ્રની જેમ ઘુઘવાટ કરતી, ઘોડા પૂરે ઊછળતી અલકનંદાને કેદારનાથથી શાંત શાંત વહેતી આવતી મંદાકિની મળે છે. આ દૃશ્ય અત્યંત યાદગાર રહ્યું. સનાતની હિંદુઓમાં સંગમના સ્થાનનો ખૂબ જ ખૂબ મહિમા હોય છે. જ્યાં સંગમ હોય ત્યાં તીર્થ બની જાય છે. અમે આ સંગમ જોઈને પાછા ફર્યા. પછી રૂદ્રનાથ મહાદેવના મંદિરે પણ ચડીને જઈ આવ્યા, પછી ત્યાંથી ત્રણેક કીલોમીટર દૂર તિલાણી તરફ ચાલ્યા. લગભગ આખા રસ્તે, ખૂબ ખૂબ ચડાણ છે. અમે અહીં સ્કુલના રૂમોમાં મુકામ કર્યો છે. આવા મોટા વિશાળ રૂમોવાળી સ્કુલ પહેલી જ વાર મળી છે. બરાબર અલકનંદાના કિનારે જ આ સ્કુલ આવેલી છે.

હિમાલય કોઈ એક પર્વતનું નામ નથી. હિમાલય એ તો પર્વતોની હારમાળા છે. કાશ્મીરથી આસામ સુધી ચાર--પાંચ હજાર કીલોમીટર સુધી આ પર્વતોની હારમાળા છે. ઉત્તરમાં પણ હજારો કીલોમીટર આ પર્વતો પથરાયેલા છે. અમુક ભાગમાં જ વસ્તી છે. બાકી આ પર્વતો બધાને માટે સદા અગમ્ય રહ્યા છે. ઊંચાણના ભાગોમાં બરફ છાવાયેલો રહે છે. એટલે હિમાલય કહેવાય છે. પહાડો--વચમાં ખીણો અને નદી. ગાઢ વનસ્પતિ ચારે બાજુ છે. **पृथ्वी देवता, आपो देवता, वनस्पतिर्देवता** જ્યાં

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



જુઓ ત્યાં ચારે બાજુ આ જ છે.

મહર્ષિ નારદની તપશ્ચર્યાની ભૂમિ જોયા પછી મને વિચાર આવ્યો કે જયાં કોઈ ભાગ્યે જ જઈ શકે અને જેમને ભાગ્યે જ લોકસંપર્ક છે એવી વ્યક્તિ પછી તે મહર્ષિ નારદજી હોય કે મહર્ષિ વ્યાસ હોય કે બીજા કોઈ મહર્ષિ હોય આખા વિશ્વને એક મહાન અજરામર સંસ્કૃતિ આપી શકે છે આ એક વિશ્વની અજબ--ગજબની વાત છે.

એક ભગવાન મહાવીર કે જેમણે એકાંતમાં જ વર્ષો સુધી સાધના કરી છે તે સમગ્ર વિશ્વને એક મહાનમાં મહાન સંસ્કૃતિ આપી શકે છે કે જે સંસ્કૃતિને કરોડો લોકોએ વર્ષોથી સ્વીકારી છે અને કરોડો લોકો ભવિષ્યમાં પણ જેનો સ્વીકાર કરવાના છે આ એક વિશ્વની અજબ--ગજબની ઘટના છે શું એમની સાધના છે! શું એમની સાધનામાં તાકાત છે! કલિયાસોડમાં પૂજા-પાઠ કરનારા પંડિતે અમને કહ્યું કે કાલી માતા પાસે ઘણી હિંસા ચાલતી હતી. એક દિવસ બાવાજી (સાધુ) આવ્યા. તેમણે જોયું અને તેમને બહુ દુઃખ થયું કે આ તમે શું કરી રહ્યા છો. માતા જીવોને અભયદાન આપે કે જીવોનો ભોગ લે? આ શબ્દોની એવી અસર પડી કે ત્યારથી હિંસા બંધ થઈ ગઈ છે.

સાથે ભરતભાઈ નાથાલાલ શંખલપુરવાળા વિહારમાં છે. એમ. કોમ. થયેલા છે. બેન્ડીંગની એ. આઈ. બી. લંડનની પરીક્ષા પાસ કરેલી છે. બધાથી નિવૃત્તિ થઈને આરાધના સાધના કરી રહ્યા છે. વિહારમાં ચાલે છે, સાથે જ આયંબિલની ઓળી પણ કરે છે. બહુ ચોક્કસ માણસ છે. પહેલાં આગળ જઈને ક્યાં ઊતરવા જેવું છે. વગેરે વગેરે ચોકસાઈ કરી લાવે છે. પછી અમે આગળ પગ ઉપાડીએ છીએ.

હરિદ્વારથી અર્ધાથી ઉપરાંત આવી ગયા છીએ. અહીંથી બદ્રીનાથ હવે લગભગ ૧૫૫ કીલોમીટર છે. ચીનની સરહદ પણ અહીંથી બસો-અઢીસો કીલોમીટરના અંતરે છે.

અમે જયાં રહ્યા છીએ તે ગુરૂરામરાય પબ્લિક સ્કુલ છે, એકડીયાથી માંડીને ૧૨મા સુધી અહીં ભણાવે છે. ત્રણસો છોકરાઓ છે. ૧૬ શિક્ષક છે. આ મહંત દહેરાદૂનમાં રહે છે. જે કોઈ સાધુબાવા આવે તે બધા અહીં છૂટથી ઊતરે છે.

અનુભવથી અમને આ સાધુ-સંન્યાસીઓમાં ત્રણ જાતના વર્ગ લાગ્યા. એક સૌથી ઉપરનો વર્ગ છે કે જેમની પાસે સ્થાવર-જંગમ થઈને કરોડોની અબજોની સંપત્તિ છે. એમનું જીવન તદ્દન વૈભવથી ભરેલું છે. મોટરો-સ્કુટરો વગેરે એમના પાસે સારી રીતે હોય છે. કેટલાક તો પરદેશમાં પણ જાય છે. પરદેશમાં તેમના આશ્રમો હોય છે. ત્યાં અવાર--નવાર જતા હોય છે. યોગ અને ધ્યાનના આદિના વર્ગો પણ ચાલતા હોય છે. અહીં પણ એમના મોટા આશ્રમો છે. મોટા મોટા ધનવાનો તેમના આશ્રમમાં દાન આદિ આપતા હોય છે. તેમને અદ્યતન સગવડો પણ (ફોન, એરકંડીશન આદિ જો હોય તો) આ આશ્રમોમાં મળતી હોય છે. આવા ધનવાન સંન્યાસીઓ-મંડલેશ્વરો (મંડલેશ્વર એ આપણા આચાર્યો જેવી પદવી)-મહામંડલેશ્વરો પૈકી કેટલાક સ્કુલ-કોલેજ-હોસ્પિટલ--દવાખાનાં આદિ લોકપયોગી પ્રવૃત્તિ ચલાવતા હોય છે. દાન આપનારા ધનવાનો પણ તેમને ઘણા મળી રહે છે. ભગવાં રંગના કપડાં અને થોડાંક વિધિ-અનુષ્ઠાનો એ એમનું મુખ્ય સંન્યાસી જીવન.

બીજા વર્ગના સંન્યાસી--સાધુઓ પાસે પોતાના આશ્રમ ચલાવવા જેટલી સંપત્તિ હોય છે, અથવા ભક્તો પાસેથી તેમને મળી રહે છે. એમની દૃષ્ટિ પણ ઉપરના વર્ગના સંન્યાસી તરફ હોય છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ત્રીજા વર્ગના જે હોય છે તે તો સામાન્ય કક્ષના હોય છે. આશ્રમોમાં રહેતા હોય, હરતા હોય, ફરતા હોય. જમવા માટે આમંત્રણ મળે ત્યાં ટોળાબંધ જમવા જતા હોય. અથવા તો જ્યાં ભિક્ષા અપાતી હોય ત્યાં ભિક્ષાપાત્ર લઈને લાઈનબંધ ભિક્ષા મેળવવા માટે ઊભા હોય હરદ્વાર-ઋષિકેશમાં આવા હજારો સાધુઓ તમને જોવા મળે. ભગવાં કે પીળાં કપડાં કોઈ વળી સફેદ કપડાં પહેરીને ફરતા હોય.

શાસ્ત્રોનો સ્વાધ્યાય કરનારા તથા આત્મરમણતામાં લીન હોય એવા બહુ વિરલ હોય, ભગવદ્‌ગીતા એ એમનું મોટું શાસ્ત્ર.

કેટલાક કથા-પરાયણ કરનારા હોય. એમાં જે સારા વક્તા હોય એમની બોલબાલા, નાના-મોટા આશ્રમોમાં મંદિરો પણ હોય છે.

કેટલાકમાં બહુ જ સુંદર અત્યંત આકર્ષક રચનાઓવાળા મંદિરો પણ હોય છે.

**ब्रह्म सत्यं जगन्मिथ्या,** ભારતીય સંસ્કૃતિ આ બધુ શબ્દોમાં સાંભળવા મળશે. વ્યવહારમાં પૈસાની બોલબાલા છે. જ્યાં પૈસો આવે ત્યાં તેને લીધે અનેક દોષો આવે જ. ભગવાન મહાવીરની જિનેશ્વર પરમાત્માની અણગાર સંસ્કૃતિ આવા અનેક અનેક દોષાથી બચી ગઈ છે. એ નજરે દેખાય છે.

## પત્ર-૧૨

**રતૂડા ગામ પાસે** જેઠ સુદિ-૪
**કોમકોટિ શંકરા હોસ્પિટલ,**

વંદના. આજે સવારે સાડા આઠ વાગે ગુરુરામરાય પબ્લિક સ્કુલ (તિલણી)થી નીકળી છ કીલોમીટર દૂર આવેલી આ હોસ્પીટલ તરફ ચાલ્યા. સારૂં ચડાણ આવ્યું. એક બાજુ ઊંચા ઊંચા પહાડો, બીજી બાજુ ઊંડી ખીણમાં વહેલી મા અલકનંદાના કિનારે સાંકડી સડક ઉપર વિહાર ચાલે છે. છતાં, આજના રસ્તા ઉપર જ્યાં કંઈ ખૂણો-ખાંચરો મળે ત્યાં નાની-મોટી હોટલો જોવા મળી. કટાઈ ગયેલાં પતરાંના છાપરાં વાળીથી માંડીને ફાઈવ સ્ટાર જેવી હોટલ પણ જોવા મળે. આ હોટલવાળાને ખૂબ આવક હોય છે. બદ્રીનાથ હવે ૧૫૦ કીલોમીટર જેટલું દૂર છે. જતા-આવતા યાત્રિકો-પેસેન્જરો. પાણી પીવા, કોકાકોલા, પીવા, ચા-નાસ્તો કરવા, વિસામો લેવા, રાત રહેવા આ હોટલોમાં આવતા હોય છે. ત્રણ કિલોમીટર ચાલ્યા પછી મોટી કોલેજ-સ્કુલની જગ્યા આવી. તે પણ સારી વિશાળ છે. પણ અમે ત્યાંથી ચાલીને અહીં હોસ્પીટલમાં આવ્યા છીએ. અહીં હોસ્પીટલમાં ૨૦ પથારીઓ, એક્ષ-રે આદિની સગવડો છે. ગણપતિજીનું મંદિર છે. દિલ્હીથી એનું સંચાલન થાય છે. દક્ષિણના કાંચી-કામઠોરી પીઠના શંકરાચાર્યે આનું ઉદ્‌ઘાટન કરેલું છે. રતુડા ગામ પછી બે કિલોમીટર દૂર આ હોસ્પિટલ છે.

આ હોસ્પિટલથી છ કીલોમીટર દૂર ઘોલતીર ગામે જવા નીકળ્યા. લગભગ અઢી કીલોમીટર પછી શિવાનંદી ગામ આવ્યું. ગામ એટલે ૧૫-૨૦ ઊંચે-નીચે રહેલાં ઘરો. તે પછી ત્રણ-ચાર કીલોમીટર ચાલીને ઘોલતીર આવ્યાં. ત્યાં સડકથી નીચે પ્રાથમિક વિદ્યાલય છે, એમાં રાત રહ્યા. શિક્ષક-સંચાલક સારા હતા. જૈન ધર્મ જગતમાં છે એમ સાંભળ્યું હતું, પણ આજે જ જૈન સાધુ જોયા. બહુ ખુશી થયાં.


For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir


A L A N K A R

PHONE : (O) 517756; 556116

ALL KINDS OF
EXCLUSIVE FURNITURE



We Support your Back-Bone

**ALANKAR FURNITURE**

VORA BAZAR, NR. NAGAR POLE, BHAVNAGAR



दूरीया...नजदीयाँ
बन गइ...




मेन्यु
गोरन फार्मा प्रा. लि.
सिहोर-३६४२४०
गुजरात

डेन्टोवेक
क्रिमी स्नफ के
उत्पादको
द्वारा

पसंद
टूथपेस्ट


શ્રી આત્માનંદ સભા
દ્વારા પ્રકાશિત
"શ્રી આત્માનંદ પ્રકાશ"
રૂપી
જ્ઞાન દીપક
સદા
તેજોમય રહે
તેવી
હાર્દિક
શુભેચ્છાઓ....

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# સમસ્યાઓનું નિરાકરણ કાનૂન કરતાં હૃદયમાં વધુ છે...

*લેખક : આ. શ્રી વિજયરત્નસુંદરસૂરીશ્વરજી મ. સા.*

ઘર છોડીને બહારગામ ગયાને બે-ત્રણ વરસ થઈ ગયાં હોય...આટલાં લાંબા ગાળા બાદ ઘરે આવતાં બારણાંને લગાડેલા તાળાને કાટ લાગી ગયો હોય તો શક્ય છે કે ચાવી લગાવવા છતાં તાળું ખૂલતાં થોડીક વાર લાગે. પણ કોઈ વ્યક્તિ તાળું તુર્ત જ ખોલવા માંગતી હોય. રાહ જોવા તૈયાર ન હોય અને બાજુમાં જ પડેલા હથોડાને ઉચકીને તાળા પર જોરથી લગાવે તો તાળું તુર્ત તૂટી જાય અને દરવાજો ખુલી જાય એય શક્ય છે.

અલબત્ત, દરવાજો ખોલવાનું કામ તો થઈ જાય છે પણ પરિણામમાં બહુ મોટો ફેર પડી જાય છે...ચાવીના ઉપયોગમાં તાળુ ખૂલે છે. હથોડાના ઉપયોગમાં તાળું તૂટે છે...ચાવીનો ઉપયોગ તાળાને સલામત રાખે છે, હથોડાનો ઉપયોગ તાળાને નિરુપયોગી બનાવી દે છે...ચાવીના ઉપયોગમાં મૃદુતા છે. હથોડાના ઉપયોગમાં કર્કશતા છે...ચાવી તો તાળા સાથેના સંબંધમાં છે, હથોડાનો તાળા સાથે કોઈ જ સંબંધ નથી.

બસ, હથોડા જેવો છે કાનૂન અને ચાવી જેવું છે હૃદય! દ્વેષ હથોડા જેવો છે અને પ્રેમ (હૃદય) ચાવી જેવો છે...કાનૂનનું ઉત્પત્તિસ્થાન બુદ્ધિ છે તો હૃદયનું ઉત્પત્તિસ્થાન પ્રેમ છે.

આ તો સંસાર છે...આપણા ખુદનાં કર્મો જેમ વિષમ છે તેમ અન્ય જીવોનાં કર્મો પણ વિષમ છે...પરિચયમાં આવતી વ્યક્તિઓના સંસ્કારો જુદા છે...વાતાવરણ જુદું છે...સહુનો ઉછેર જુદો છે...

આવી જાતજાતની અને ભાતભાતની વિષમતા વચ્ચે પરિચયમાં આવતી વ્યક્તિઓ પ્રત્યે દુર્ભાવ થઈ જવો કે અણબનાવ બની જવો બિલકુલ સહજ છે...અપેક્ષા આપણી તૂટે કે એની તૂટે, અરસ-પરસ દ્વેષ, દુર્ભાવ વગેરે ઊભા થઈ જવામાં કોઈ આશ્ચર્ય નથી.

આવા નાજુક તબક્કામાં એ દુર્ભાવ વગેરેથી મુક્ત બનવામાં કયું તત્ત્વ વધુ લાભદાયી નીવડે, એનો જવાબ આ કહેવતમાં છે...બુદ્ધિ નહીં, હૃદય! દ્વેષ નહીં, પ્રેમ! કાનૂન નહીં, સહૃદયતા!

અલબત્ત, હથોડાથી તાળું તોડી નાખવું જેમ સહેલું છે તેમ બુદ્ધિના જોરે સામી વ્યક્તિને બોલતી બંધ કરી દેવી સહેલી છે. પણ, હથોડાથી તોડી નાખેલું તાળું જેમ પછી નિરુપયોગી થઈ જાય છે તેમ બુદ્ધિના, દલીલબાજીના, કાવાદાવાના જોરે વ્યક્તિ પર મેળવેલો વિજય એ વ્યક્તિના દિલમાં આપણું સ્થાન જમાવવા માટે તાકાતહીન પુરવાર થાય છે.

આમ છતાં ભારે ખેદની વાત છે કે આપણને ચાવીની તાકાત કરતાં હથોડાની તાકાત પર વિશ્વાસ વધુ છે...ચાવીના ઉપયોગ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



કરતાં હથોડાના ઉપયોગમાં આપણને આનંદ વધુ આવે છે...ચાવીના ઉપયોગ કરતા હથોડાના ઉપયોગથી આપણે વધુ તાકાતવાન પુરવાર થતા હોઈએ એવું આપણને લાગે છે.

હથોડાની જેમ એક જ ધડાકે તાળું ખુલી જતું આપણને લાગે છે તેમ બુદ્ધિના જોરે ગણતરીની પળોમાં સામી વ્યક્તિ આપણને વશ થઈ જતી હોય તેવું લાગે છે પણ હકીકત જુદી છે...તાળું ખુલતું નથી, તૂટે છે...વ્યક્તિ વશ થતી નથી, નિરુત્તર થઈ જાય છે.

જયારે કાટવાળા તાળાને ચાવીથી ખોલવા જતાં વખત ભલે લાગે છે પણ તાળું સલામત રહી જાય છે તેમ દુર્ભાવગ્રસ્ત વ્યક્તિને પ્રેમથી વશ કરવા જતાં સમય જરૂર લાગે છે પણ એ વ્યક્તિના દિલમાં આપણા માટે આદરની લાગણી પણ સાથે જ ઊભી થઈ જાય છે.

આ બન્ને પ્રકારનાં પરિણામોનો આપણને ખ્યાલ હોવા છતાં આપણે નુકસાનીવાળા માર્ગે જ ચાલી રહ્યા છીએ...આમાં પાછું દુઃખદ આશ્ચર્ય તો એ છે કે અન્ય સાથે આપણે હથોડાના માધ્યમથી વ્યવહાર કરીએ છીએ અને બીજાઓને તો આપણી સાથે ચાવીનું માધ્યમ જ અપનાવવું જોઈએ એવું આપણે માની બેઠા છીએ.

'હું ભલે ચાલબાજી કરું, સામાએ તો સરળતા જ દાખવવી જોઈએ...હું ક્રોધથી જ વાત કરીશ, એણે ક્ષમા જ અપનાવવી જોઈએ... હું ભલે બુદ્ધિના આટાપાટા લગાવું, સામાએ તો સર્વત્ર હૃદયની નિર્દોષતા જ વ્યક્ત કરવી જોઈએ...'

ના...આવા ગલત અભિગમવાળા જીવનની કોઈ જ કિંમત નથી. ચાવી હાજર હોવા છતાં હથોડાનો ઉપયોગ કરીને તાળું તોડી નાખવામાં જેમ બાલિશતા સિવાય કાંઈ નથી તેમ પ્રેમથી સામો વશ થઈ જાય એવી પૂર્ણ શક્યતા હોવા છતાં દ્વેષથી એને વશ લેવામાં એનું દિલ તૂટી જાય એવો અભિગમ અપનાવવામાં મૂર્ખાઈ સિવાય કાંઈ જ નથી.

વર્તમાન જગતમાં જે કાંઈ થોડું-ઘણું સદ્ભાવનું વાતાવરણ દેખાય છે એના મૂળમાં કાનૂન નથી, હૃદય છે...દ્વેષ નથી પ્રેમ છે... દુશ્મનાવટ નથી, મૈત્રી છે. કાનૂનથી કદાચ સમસ્યા હલ થઈ જાય છે પણ પાછળ કડવાશ ઊભી રહી જાય છે. હૃદયથી સમસ્યા તો હલ થઈ જ જાય છે પણ કડવાશ રવાના થઈને પ્રેમ પ્રતિષ્ઠિત થઈ જાય છે.

આવો, આ નવતર સમીકરણને જીવનમાં થોડાક સમય માટે પણ અમલમાં મૂકીએ...એનું જે પરિણામ આવશે એ જોઈને આજ સુધીમાં આ સમીકરણનો ઉપયોગ આપણે કેમ કર્યો નહીં? એવો અફસોસ ઊભો થયા વિના નહીં રહે!

**(નોંધ કહેવતોનો સમજવા જેવો મર્મ પુસ્તકમાંથી જનહિતાર્થે સાભાર)**

**રજૂઆત : મુકેશ સરવૈયા...**

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# માત્ર અરીસો બદલ્યા કરવાથી પ્રતિબિંબ કદી બદલાતું નથી...

કહેવાય છે કે 'દર્પણ જૂઠ ન બોલે'. વ્યક્તિ જેવી હોય એવું જ એનું સ્વરૂપ દર્શાવવાનું કાર્ય દર્પણ કરે છે. સામી વ્યક્તિ ભલે ને ચરમબંધી હોય, પરંતુ એ જો કદરૂપી હોય તો દર્પણ કોઈ પણ શરમ રાખ્યા વિના એનું સ્વરૂપ કદરૂપું જ દર્શાવે. એથી વિપરીત સામી વ્યક્તિ કદાચ રંક હોય, પરંતુ એ જો સૌંદર્યશાલી હોય તો દર્પણ એની જરા ય ઉપેક્ષા રાખ્યા વિના એને સુંદર જ દર્શાવે. ટૂંકમાં, દર્પણ નિષ્પક્ષ પણે સામી વ્યક્તિનું યથાર્થ સ્વરૂપ દર્શાવે છે.

હવે માની લઈએ કે એક વ્યક્તિ ખરેખર કદરૂપી છે. છતાં પોતાનું પ્રતિબિંબ કદરૂપું હોય એ એને પસંદ નથી. આથી એ પોતાનું કદરૂપું પ્રતિબિંબ દર્શાવતા આરીસાને દર્પણને બદલીને નવા નવા દર્પણો સામે જોવાની ચેષ્ટા કરે તો? તો ચોક્કસ કહી શકાય કે દર્પણો બદલવાનો વ્યાયામ વ્યર્થ થવાનો. કારણ કે આરીસો બદલવાથી પ્રતિબિંબ કદી બદલાતું નથી!

પ્રતિબિંબ જો બદલવું હોય તો આરીસો બદલવાથી કાંઈ નહિ વળે. એ માટે તો બિંબ (મૂળ સ્વરૂપ) ને જ બદલવું રહે. કારણ કે જેવું બિંબ હોય તેવું જ પ્રતિબિંબ હોય છે : જેમ જેવો ઘોષ હોય તેવો પ્રતિઘોષ હોય છે એમ!!! બિંબ જો બદલાયું હશે તો આરીસો બદલાય કે ન બદલાય તો પણ પ્રતિબિંબ બદલાય જ. અને જો બિંબ નહિ બદલાયું હોય તો અરીસા ચાહે તેટલા બદલાય તો ય પ્રતિબિંબ નહિ બદલાય.

જેવી વાત પ્રતિબિંબની છે, એવી વાત જીવનની પણ છે. જીવનને જો સુંદર બનાવવું હોય - લાયકાતના સ્તરે ખરા અર્થમાં શ્રેષ્ઠ બનાવવું હોય તો એને કેવલ સાધનોથી ભરપૂર - બાહ્ય સમૃદ્ધિથી છલોછલ બનાવી દેવાથી કાર્ય સરતું નથી. કેવલ સાધન ભરપૂર- સમૃદ્ધિ ભરપૂર જીવન બનાવવાનો આ વ્યાયામ વ્યર્થ ઠરે; જેમ કદરૂપા પ્રતિબિંબને સારું બનાવવા અરીસા બદલવાનો વ્યાયામ વ્યર્થ ઠરે એમ!! એના સ્થાને જીવનને જો નકારાત્મક બાબતોથી દૂર રાખીને સકારાત્મક બાબતોથી ભરપૂર બનાવી દેવાય, દુર્ગુણોથી દૂર રાખીને સદ્‌ગુણોથી ભરપૂર બનાવી દેવાય, તો જીવન ખરા અર્થમાં સુંદર-શ્રેષ્ઠ બન્યા વિના ન રહે!! જીવન સદ્‌ગુણોથી શૂન્ય હોય તો ભલેને સમૃદ્ધિના - સાધનોના શિખરો રોજ નવા નવા સર થયા કરે તો ય જીવન શ્રેષ્ઠ બનવાનું નથી. અને જીવન જો સદ્‌ગુણોથી મહેંકાવી દેવાય તો ભલેને સંપત્તિ કદાચ ચરણ ન ચૂમે, તોય જીવન શ્રેષ્ઠ બન્યા વિના રહેવાનું નથી. માટે જ જીવનને શ્રેષ્ઠ બનાવવા માટે એને ગુણ ભરપૂર બનાવવાની તકેદારી રાખવી જોઈએ : જેમ પ્રતિબિંબને સુંદર બનાવવા બિંબને સુંદર બનાવવાની તકેદારી રાખવી જોઈએ એમ!!

એ તકેદારી કેવી હોય તે જાણવું છે? તો ગાંધીજીની જીવનશૈલી તપાસવી જોઈએ :

ગાંધીજી ભરપૂર વ્યસ્તતા વચ્ચે ય રોજ ડાયરી લખતા હતા. આ ડાયરીમાં, દિવસભરની પ્રવૃત્તિઓનું અવલોકન કરીને એનું વિભાગીકરણ તેઓ કરતા કે આમાં કેટલી પ્રવૃત્તિ નકારાત્મક થઈ અને કેટલી પ્રવૃત્તિ સકારાત્મક થઈ? કોઈને

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir




ઉતારી પાડવાની બુદ્ધિથી એની અણછાજતી ટીકા, કોઈનો પ્રભાવ વધતો અટકાવવા એના ઉપયોગી-સુંદર કાર્યને ય તોડી પાડવાની પ્રવૃત્તિ, ઈર્ષ્યા, આદિ નકારાત્મક બાબતો આજે કેટલી આચરાઈ અને કોઈને આગળ વધારવા માટે ખરા દિલથી સહકાર, કોઈના સુંદર ઉપયોગી કાર્યને અનુમોદનાદિથી આગળ ધપાવવાની વૃત્તિ, પ્રમોદભાવ આદિ સકારાત્મક બાબતો કેટલી આચરાઈ, તેનો તેઓ હિસાબ માંડતા નકારાત્મક પ્રવૃત્તિઓ જીવનમાં વધે નહિ, બલ્કે સંપૂર્ણ નિર્મૂલ થાય તેના માટે તેઓ પ્રયત્ન કરતાં. પરિણામ? પરિણામ એ આવ્યું કે તેઓનું જીવન ઘણું જ સુંદર-શ્રેષ્ઠ બની ગયું. હા, બાહ્ય દૃષ્ટિએ તો તેઓ લગભગ અકિંચન જેવા હતા. પણ જીવનને સકારાત્મક બાબતોથી - સદ્‌ગુણોથી મહેંકાવી દેવાની એમની તકેદારીએ એમને, માનવ હોવા છતાં મહામાનવનું સ્થાન અપાવ્યું!!

આપણે આવા આદર્શો આંખ-અંતર સમક્ષ રાખીને, જીવનને બાહ્ય સમૃદ્ધિથી જ નહિ બલ્કે આંતરિક ગુણ સમૃદ્ધિથી શ્રેષ્ઠ બનાવવાની નિષ્ઠા ધરાવીએ.....

*--મુનિ રાજરત્નવિજય*

*(ગુજરાત સમાચાર દૈનિક તા. ૨૭-૫-૯૯ના અગમ નિગમ અને અધ્યાત્મપૂર્તિ વિભાગમાંથી જન હિતાર્થે સાભાર...)*


CEL SUVIDHA
Pre-paid Mobile Phone Card
Anytime - Anywhere - Anybody



રી-ચાર્જ કુપન ખરીદો,
મોબાઈલ ફોન કવર / એસેસરીઝ
મેળવવા માટે
....ઓથો. ડીસ્ટ્રીબ્યુટર....
અમુલખ વિઠ્ઠલદાસ
૧૫, માધવહીલ, ભાવનગર. ફોન: ૪૩૯૨૯૯
વોરાબજાર, ભાવનગર. ફોન: ૫૧૯૪૦૬


For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir


With Best Compliments From :

SHAH Electricals

AUTHORISED DISTRIBUTORS

| | | |
|---|---|---|
| **VINAY** | **REFLEX** | **METRO POWER** |
| ELECTRICAL GOODS | Wire & Cable | Minolta Fittings |
| **COZY** | **JENI** | **CROWN** |
| Unbreakable Accessories | Chowk - Patti | Water Pumpset |
| **SURYA** | **SUPER-WIZ** | **JUG-MUG** |
| Lamps-Tubes | Universal Instant Adhesive | Lamps-(Fancy) |
| **SONAL** | **CUTE** | **ENCORE** |
| Bopp Adhesive Tapes | Modular Range | Mixer-Grinder |
| **BAJAJ** | **MYSORE** | **CORD LESS** |
| Instant Geyser | Lamps - Tubes & Luminaires | **BELL PHONES** |

Mota Faliya, Nanbha Street, BHAVNAGAR-1 ✆ : O. 421705, R. 510921 FAX : 421250


**દવા લીધા વિના ટોનીક લેવા જનારો દર્દી, જેમ દર્દને**
**રવાના કરવામાં સફળતા પામતો નથી.**
**તેમ**
**જીવમાત્ર પ્રત્યે પ્રેમ કેળવ્યા વિના પરમાત્માની ભક્તિ**
**શરૂ કરી દેનારો*સાધક, દોષનાશ કરવામાં સફળતા પામતો નથી.**


With Best Compliments From :

Unique Agencies

**PHARMACEUTICAL DISTRIBUTORS**

J.A.S. BUILDING, KHARGATE, BHAVNAGAR-364001 (GUJARAT)

PH. (0278) O. 432118, 430443 R. 436708, 422983


For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# કેવો કળિયુગ આવ્યો છે!

માનવી જ્યારે ટોળામાં ભળે છે ત્યારે તે બુદ્ધિશૂન્ય અને આક્રમક બની જાય છે. ટોળામાં તોડફોડની વૃત્તિ હોય છે. ગાડરિયો પ્રવાહ હોય છે. તેમાં કોઈ સ્વતંત્ર પ્રતિભા નથી હોતી. ત્યાં સમજણ નથી હોતી, માત્ર આંધળું અનુકરણ જ હોય છે.

એક ગામમાં એક ધર્માત્મા પધાર્યા હતા. ગામનાં લોકો એ ધર્માત્માનાં દર્શન કરવા ઊમટી પડ્યા હતા. મહાત્માજી પ્રવચન આપે અને લોકોનું ટોળું ધ્યાન દઈને સાંભળે...

મહાત્માજી સદુપદેશ આપે. જાત જાતનાં ઉદાહરણો આપે. અલકમલકની કથાઓ કહે. કોઈ વખત રામાયણની કથા કહે તો કોઈક વખત મહાભારતની માર્મિક ઘટના કહે. ક્યારેક નળદમયંતીની કથા યાદ કરે તો ક્યારેક વિશ્વામિત્રને યાદ કરે...!

નિત નવા લોકો ઉમેરાતા જાય...

શ્રોતાવૃંદ મોટું થતું જાય...!

આ જોઈને આકાશમાં વિહરતા એક દેવને ચિંતા ઉપજી...તેમણે મહાદેવ સમક્ષ જઈને પોતાની ચિંતા રજૂ કરી.

'હે ભગવાન! પૃથ્વીલોક ઉપર એક નગરમાં કોઈ મહાત્મા પધાર્યા છે. ગામના લોકોને તેઓ પોતાની ઉપદેશવાણી દ્વારા ધર્મમાર્ગે વાળી રહ્યા છે.'

'એ તો રૂડી વાત છે...' મહાદેવે કહ્યું.

'પરંતુ પ્રભુ! એ રૂડી વાત પણ અત્યારે તો મને ચિંતા ઉપજાવે છે...'

'ચિંતાનું કારણ?'

'પ્રભુ! જો આટલા બધા લોકો ધર્મમાર્ગે ચાલીને પુણ્યકાર્યો કરતા થઈ જશે તો, તે તમામને સ્વર્ગમાં પ્રવેશવાનો અધિકાર મળી જશે. અને એમ થાય તો સ્વર્ગની અંદર ભારે ભીડ મચી જાય. સ્વર્ગ સાંકડું પડી જાય.!'

'એવું નહિ થાય...તમે નાહક ચિંતા ના કરો...!'

'પ્રભુ! આ લોકોનું ટોળું તો સતત વધતું જ જાય છે, છતાં તમે ચિંતા ન કરવાનું કેમ કહો છો?'

'કારણ કે, આ ટોળું શ્રદ્ધાવાળું નથી. ધર્મનો મર્મ તે લોકો સમજ્યા નથી.'

'એવું આપ શી રીતે કહો છો, પ્રભુ!'

'તમારે એનું પ્રમાણ જોવું છે?'

'જી પ્રભુ!'

'તો આપણે નવું રૂપ ધારણ કરીને પૃથ્વીલોક ઉપર જવું પડશે...'

'જેવી આજ્ઞા, પ્રભુ!'

અને પછી બન્ને દેવો સામાન્ય માણસનું રૂપ ધારણ કરીને પેલા ગામમાં પધાર્યા. મહાત્માજી જે સ્થળે પ્રવચન કરતા હતા, ત્યાંથી થોડેક દૂર એક વૃક્ષ નીચે બેઠા.

મહાત્માજીનું પ્રવચન પૂર્ણ થયું એટલે

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



લોકો તે વૃક્ષ પાસે થઈને પસાર થવા લાગ્યા. નવાં રૂપ ધારણ કરીને બેઠેલા બે દેવોએ એ લોકોને પાસે બોલાવીને પૂછ્યું :

'તમે પેલા મહાત્માનો ઉપદેશ સાંભળવા ગયા હતા?'

'હા.'

'એ તો ઢોંગી છે, ઢોંગી છે...! અમે ગઈકાલે જ એ ઢોંગીને એક નદીકિનારે માછલા પકડીને ખાતો જોયો હતો. એ તો મત્સ્યાહારી છે...! એટલું જ નહિ, એ પાખંડી પણ છે. વ્યભિચારી પણ છે. વાતો રૂડી કરે છે, પણ એના જીવનની રીત સાવ ભૂંડી છે. આવો વ્યભિચારી અને ઢોંગી અને પાખંડી અને મત્સ્યાહારી માણસ તમને શું સારો અને સાચો માર્ગ બતાવવાનો હતો!'

વાત સાંભળીને ટોળું છક્ થઈ ગયું, 'અરેરે! આ તે કેવો કળિયુગ આવ્યો છે! મહાત્માઓ પણ દુરાચારી બની ગયા છે!'

બસ, બીજા જ દિવસથી લોકો એ મહાત્મા પાસે જતા બંધ થઈ ગયા.

બીજા દિવસે વ્યાખ્યાનનો સમય થયો, છતાં મંડપ ખાલી જ હતો!

માનવીની ભક્તિ પણ કેટલી છીછરી અને પોકળ હોય છે! જે માનવીની શ્રદ્ધાના પાયા પળવારમાં જ હચમચી ઊઠે એ માનવી ધર્મનો મર્મ શી રીતે પામી શકે?

*(લેખક શ્રી લક્ષ્મીચંદભાઈ છ. સંઘવીના પુસ્તક 'દૃષ્ટાંત રત્નાકર'માંથી જનહિતાર્થે સાભાર)*


# ભાવનગર મર્કન્ટાઈલ કો-ઓપરેટીવ બેન્ક લિ.

भावनगर मर्कन्टाइल को-ओपरेटीव बेन्क लि. Bhavnagar Mercantile Co-Operative Bank Ltd.

❑ **હેડ ઓફિસ** : લોખંડ બજાર, ભાવનગર ફોન : ૪૨૪૧૮૧, ૪૨૯૧૮૯

**બ્રાન્ચ** : ❖ માર્કેટીંગ યાર્ડ, ભાવનગર ફોન : ૪૪૫૦૦૮, ૪૪૬૨૬૧

❖ માધવદર્શન, ભાવનગર ફોન : ૪૨૦૭૯૯, ૪૨૬૪૨૧

**થાપણના વ્યાજનાં દરો** (તા. ૧-૩-૨૦૦૧ થી અમલમાં)

❖ સેવિંગ્ઝ ૪.૫ %

❖ ફિક્સ ડીપોઝીટ :

૩૦ દિવસથી ૧ વર્ષ કરતાં ઓછા સમય માટે ૫.૫ %

૧ વર્ષથી ૨ વર્ષ કરતાં ઓછા સમય માટે ૮ %

૨ વર્ષથી ૩ વર્ષ કરતાં ઓછા સમય માટે ૮.૫ %

૩ વર્ષથી ૫ વર્ષ કરતાં ઓછા સમય માટે ૧૦ %

૫ વર્ષ અને ઉપરાંતના સમય માટે ૧૦.૫ %

**: વધુ વિગત માટે બેન્કમાં રૂબરૂ સંપર્ક સાધો :**

**શ્રી કનૈયાલાલ વૃજલાલ પંડ્યા** (ચેરમેન)

**શ્રી વલ્લભભાઈ ભાઈલાલભાઈ પટેલ** (વા. ચેરમેન)

**શ્રી ઇન્દુકુમાર ઉકાભાઈ પટેલ** (મેનેજિંગ ડીરેકટર)

**શ્રી પુરુષોત્તમદાસ વૃજલાલ શાહ** (જો. મે. ડીરેક્ટર)

**શ્રી એમ. સી. પાઠક** (આસી. મેનેજર)


For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# પૂ. મુનિશ્રી જંબૂવિજયજી મ.સા. દ્વારા આગમ સાહિત્યના પ્રકાશનની યોજના

પૂજ્યપાદ આચાર્યદિવશ્રી વિજય સિદ્ધ-સૂરીશ્વરજી (બાપજી) મહારાજના પટ્ટાલંકાર પૂજ્યપાદ આ.શ્રી વિજયમેઘસૂરીશ્વરજી મ.સા.ના શિષ્ય પૂ. મુનિરાજશ્રી ભુવન-વિજયજી મહારાજના શિષ્ય પૂ. મુનિશ્રી જંબૂવિજયજી મહારાજે અત્યંત પ્રાચીન હસ્તલિખિત પ્રતિઓને આધારે એક પછી એક આગમ સાહિત્યના ગ્રંથોના સંશોધનપૂર્વક પ્રકાશનની યોજના હાથ ધરી છે. તો જેમને આ આગમ સાહિત્યમાં રસ હોય અને તેની બરાબર સાચવણી તથા સદુપયોગ કરે તેમ હોય તેવા ભંડારો તેમ જ મુનિ ભગવંતો પોતાના પુરા કાયમી સરનામા ૨૦૦૧ના સપ્ટેમ્બરના અંત સુધીમાં મોકલે કે જેથી જેમ જેમ ગ્રંથો છપાય તેમ તેમ તેમના ઉપર મોકલવાની વ્યવસ્થા કરવામાં આવે. ગ્રંથ મોકલ્યા પછી જેમના તરફથી પહોંચ તરત નહિ આવે તેમનું નામ યાદીમાંથી કાઢી નાખવામાં આવશે, તેનું ખાસ ધ્યાન રાખવું.

*—શ્રી જૈન આત્માનંદ સભા*
*ખોડીયાર હોટલની સામે-ખાચામાં,*
*ખારગેટ, ભાવનગર-૩૬૪૦૦૧*
*ફોન : (0278) 521698*

❖

આણા તથા વૈણાની એક્સક્લુઝીવ સાડીઓ
માટે વિશ્વાસપાત્ર સ્થળ એટલે જ



Bela

Exclusive Sari Show-Room

Haveli Street, Vora Bazar, Bhavnagar-364001
Phone : (O) 420264 (R) 426294

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# ઉપાસના

*(ઓલ ઈન્ડિયા રેડિયો રાજકોટ ઉપરથી રજુ થયેલ રત્નકણિકા.)*

પરમ કૃપાળુદેવ શ્રીમદ્ રાજચંદ્રજી જણાવે છે કે, આ લોક સમગ્ર જગત ત્રિવિધ તાપથી આકુળવ્યાકુળ છે. ઝાંઝવાના પાણીને લેવા દોડી તૃષા છિપાવવા ઈચ્છે છે, એવો દીન છે. એટલે કે પેલું મૃગ પોતાની તૃષા છિપાવવા માટે દૂરદૂર ચળકાટ મારતી રેતીને પાણી જેવું દેખાવાથી પોતાની તૃષા છિપાવવા ચારે બાજુ દોડે છે છતાં તેની તૃષા છિપતી નથી એવી જ સ્થિતિ આપણી છે. કે જ્યાં સુખ અને આનંદ નથી છતાં તેમાં આરોપણ કરીને તે લેવા માટે પેલા મૃગની જેમ આપણે દોડાદાડ કરીએ છીએ. અજ્ઞાનને લીધે સ્વરૂપનું વિસ્મરણ થઈ જવાથી ભયંકર પરિભ્રમણ આપણને પ્રાપ્ત થયું છે. સમયે સમયે અતુલ ખેદ, જ્વરાદિક રોગ, મરણાદિક ભય, અને વિયોગાદિક દુઃખને આપણે અનુભવીએ છીએ. એવી અશરણતાવાળા આ જગતને-આપણને એક સત્પુરુષ જ શરણ છે. એવા પરમપુરુષ અને તેમની વાણી વિના કોઈ એ તાપ અને તૃષા છેદી શકે નહીં એમ નિશ્ચય છે. માટે ફરી ફરી તે સત્પુરુષના ચરણનું ધ્યાન કરો. તેની ઉપાસના કરો; તેની ભક્તિ કરો. તેનાં ગુણગ્રામ કરો.

જે સંપૂર્ણ બધા જ દોષથી અઢારે દૂષણથી મુક્ત છે, અને પોતામાં જ પરમ સુખ અને પરમ સમાધિ પરમ આનંદ અનુભવી રહ્યાં છે તેવાં પૂર્ણ પુરુષની ઉપાસના કરવાથી તેઓ આપણને પણ મુક્તિ એટલે કે સંસારનાં શોક, દુઃખ, આધિ, વ્યાધિ, ઉપાધિના ત્રિવિધ તાપથી મુક્ત કરાવી, જ્ઞાન દર્શનાદિક અનુપમ વસ્તુઓ પ્રાપ્ત કરાવી, જેમાં પરમ સુખ અને પરમ આનંદનો અખંડ નિવાસ છે, જન્મ-મરણની વિડંબનાનો અભાવ છે, શોક ને દુઃખનો ક્ષય છે તેવી પરમ સ્થિતિને પ્રાપ્ત કરાવી શાશ્વત સુખમાં નિવાસ કરાવશે.

એટલે જ તેઓએ ફરી ફરી જણાવ્યું છે કે દેહ છતાં જેની દશા દેહાતીત છે. માર્ગને પામેલો માર્ગ પમાડે. જેણે માર્ગ જોયો, જાણ્યો, અનુભવ્યો હોય તે મોક્ષમાર્ગનો નેતા થઈ શકે. તેવા પરમ પુરુષ સદ્‌ગુરુએ કર્મરૂપ પર્વતો સ્વવીર્યે કરી દેહધારીપણે તોડ્યા. અને તેથી જીવન મુક્ત થઈ મોક્ષમાર્ગના નેતા - મોક્ષમાર્ગના બતાવનાર થયા. ફરી ફરી દેહ ધારણ કરવાનું, જન્મવા મરવારૂપ સંસારનું કારણ કર્મ છે, તેને સમૂળા છેદ્યાથી નાશ કર્યાથી, તેમને હવે ફરી ફરી દેહ ધારણ કરવાપણું નથી. મુક્ત આત્મા ફરી અવતાર ન લે.

આવા જે ગુણવાળા, પરમ આપ્ત, પરમ સદ્‌ગુણ, પરમ જ્ઞાની, પરમ વીતરાગ, તેની ઉપાસના, તેની પાસે તેના ચરણોમાં સાક્ષાત્ રહેવું. જેમની આજ્ઞાએ ચાલવાથી નિઃસંશય મોક્ષ પ્રાપ્ત થાય. તેમને પ્રગટેલ ગુણોની પ્રાપ્તિ થાય. તેમની ભક્તિથી, તેમની ઉપાસનાથી. તેમની આજ્ઞાએ ચાલવાથી સર્વથા જન્મ-મરણથી મુક્તિ થાય.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



શ્રીમદ્ રાજચંદ્રજીએ ઉપરાંત જણાવ્યું છે કે, આત્મા વિનયી થઈ સરળ અને લઘુત્વભાવ પામી સદૈવ સત્પુરુષના ચરણ કમળ પ્રતિ રહ્યો, તો જે મહાત્માઓને નમસ્કાર કર્યા છે તે મહાત્માઓની જે જાતિની રિદ્ધિ છે, તે જાતિની રિદ્ધિ સંપ્રાપ્ય કરી શકાય.

તેમની ઉપાસના કરનાર આત્મા તેમના જેવો જ બને. આ કેવી આશ્ચર્યજનક અદ્ભુત ઘટના છે.

કોઈપણ પ્રકારે જીવ પોતાની કલ્પનાએ કરીં સત્‌ને પ્રાપ્ત કરી શકતો નથી. સજીવનમૂર્તિ પ્રાપ્ત થયે જ સત્ પ્રાપ્ત થાય છે, સત્ સમજાય છે, સત્‌નો માર્ગ મળે છે, સત્ પર લક્ષ આવે છે. સજીવન મૂર્તિના લક્ષ વગર જે કંઈપણ કરવામાં આવે છે તે જીવને બંધન છે. આ અમારું હૃદય છે. આમ પરમ પુરુષ શ્રીમદ્ રાજચંદ્રજીએ પોતાનું હૃદય ખુલ્લું કર્યું છે.

એટલા જ માટે કહ્યું છે કે માત્ર જ્ઞાનીને, સદ્‌ગુરુને, સજીવન મૂર્તિને-સત્પુરુષને જે ઇચ્છે છે, ઓળખે છે, અને ભજે છે તે જ તેવો થાય છે, અને તે ઉત્તમ મુમુક્ષુ જાણવો યોગ્ય છે.

જ્ઞાની પુરુષના આ અંતર આશયને આપણે બરાબર સમજીને વિચારવા જેવું છે. જ્ઞાની તે સત્પુરુષ એટલે આપણા માની લીધેલાં નહીં, પરંતુ જે સર્વ દોષોથી મુક્ત છે, જેની વીતરાગ દશા છે, આત્મ જ્ઞાનને વિષે જેમની સ્થિતિ છે, આત્મસ્વરૂપને વિષે જેમની સ્થિતિ છે એટલે પરમભાવની ઇચ્છાથી જે રહિત થયો છે તથા શત્રુ, મિત્ર, હર્ષ, શોક, નમસ્કાર, તિરસ્કારાદિ ભાવ પ્રત્યે જેમને સમતા વર્તે છે. માત્ર પૂર્વે ઉત્પન્ન થયેલાં એવાં કર્મોના ઉદયને લીધે જેમની વિચરવા આદિ ક્રિયા છે, અજ્ઞાની કરતાં જેની વાણી પ્રત્યક્ષ જુદી પડે છે, જેમની વાણી અપૂર્વ છે, અને પરમશ્રુત એટલે ષટ્‌દર્શનના યથાસ્થિત જાણ -તેના તાત્પર્યને જાણે છે એવાં સદ્‌ગુરુ-જ્ઞાની-સજીવન-મૂર્તિની ઉપાસનાથી ભવ્ય પરિમામ આવે છે.

માટે જ શબરી જેવી ધીરજ રાખીને પોતાનું હૃદયમંદિર આંગણું સ્વચ્છ કરતાં રહી, એવા વીતરાગ પુરુષ, સદ્‌ગુણની પ્રાપ્તિની ઝંખના રાખીને, નિરંતર પાત્રતા પ્રાપ્તિ માટેનો પ્રયાસ કરતાં રહી, શમ-સંવેગ-નિર્વેદ, આસ્થા અને અનુકંપા ગુણોનું સેવન કરતાં રહી, દયા-શાંતિ ક્ષમા - સત્ય - ત્યાગ - વૈરાગ્ય - પરોપકાર વિગેરે ગુણોનું સેવન કરતાં જેમ શબરીને માટે સાક્ષાત્ શ્રી રામ પ્રભુ પધાર્યા તેમ આપણને પણ તેવી ઉપાસનાથી આપણા કલ્યાણમૂર્તિ પરમપુરુષનો યોગ સત્વરે જરૂર જરૂર પ્રાપ્ત થશે. અને તેમનાં સાક્ષાત્ ચરણોમાં નિવાસ કરી, તેમની ભક્તિથી તેમની આજ્ઞાનું પાલન કરીને - પરિભ્રમણમાંથી, જન્મ મરણના ફેરામાંથી મુક્ત થઈશું.

ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ

*રજુઆત : મહેન્દ્રભાઈ યુ. શાહ*

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir


*With Best Compliments*

*From*

# JACOB ELECTRONICS PVT. LTD.

Mfrs. Audio cassette, componants and compect disc Jonrl box.

1/2 & 3 Building, "B" Sona Udyog,
Parsi Panchayat Road,
Andheri (E), MUMBAI-400 069



Website : WWW JetJacob.com
E-mail : JetJacob@vsNL.com

Tel : 838 3646
832 8198
831 5356
Fax : 823 4747

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# જીવન જીવવાનો કક્કો

*રજૂકર્તા : કાંતિલાલ આર. સલોત*

| | |
|---|---|
| ક | ક્રોધને કાબૂમાં રાખજે, કળથી તું કામ લે જે. |
| ખ | ખુમારી ખંખેરી નાખજે, ખુશામત તું ના કરજે. |
| ગ | ગમને તું ગળી જજે, ગર્વથી તું ના રહેજે. |
| ઘ | ઘમંડથી તું ના ઘેરાજે, ઘર ઘર સેવા તું કરજે. |
| ચ | ચપળતા તું ચલાવી લેજે, ચશમપોષ ના કરજે. |
| છ | છેલબટાઉં તું ના બનજે, છેતરપીંડી ના કરજે. |
| જ | જિંદગી તું જીતી જજે, જીભા જોડી ના કરજે. |
| ઝ | ઝંઝાવાતે તું ઝુમી જજે, ઝીંદાદિલ સદા રહેજે. |
| ટ | ટાપટીપ તું ના કરજે, ટીકા કોઈની ના કરજે. |
| ઠ | ઠાવકાઈથી તું રહેજે, ઠગાઈ કદિ ના કરજે. |
| ઢ | ઢચુ પચુ મન ના કરજે, ઢાંક પીછોડો ના કરજે. |
| ણ | 'ણ' કોઈનો થયો નથી જ, માણસ બનીને તું રહેજે. |
| ત | તું તારું સંભાળજે, તકરાર કદિ ના કરજે. |
| થ | થાવર કદિ ના રાખજે, થપ્પડ કદિ ના ખાજે. |
| દ | દિલાવર સદા બનજે, દલિતની સેવા તું કરજે. |
| ધ | ધર્મિષ્ઠ સદા તું બનજે, ધતીંગ કદિ ના કરજે. |
| ન | નિંદા કોઈની ના કરજે, નીતિ-રીતિથી તું રહેજે. |
| પ | પરમાર્થી સદા તું બનજે, પરદુઃખે મન પીંગાળજે. |
| ફ | ફુલણશી તું ના બનજે, ફના થાજે તું પરકાજે. |
| બ | બહાદૂર સદા તું બનજે, બફાટ કાંઈએ ના કરજે. |
| ભ | ભલાઈમાં તું ભલો રહેજે, ભલાઈનો ભંગ ના કરજે. |
| મ | મગરૂબીથી તું રહેજે, મફતીયું કદિ ના લેજે. |
| ય | યશસ્વી તું જગમાં થજે, યુગમાં યાદગીરી થાજે, |
| ર | રૂશ્વત કદિ ના લેજે, રીત ભાતથી તું રહેજે. |
| લ | લોભ સાથે તું થોભજે, લુચ્ચાઈ જરા ના કરજે. |
| વ | વફાદાર સૌનો બનજે, વિફળ જિંદગી ના કરજે. |
| શ | શરીર તંદુરસ્ત રાખજે, શુભ સૌનું તું ઈચ્છજે. |
| સ | સાદાઈ સદા તું રાખજે, સનમાન સૌનું કરજે. |
| ષ | ષેષ્ટી બનીને તું રહેજે, ષેય સૌનું તું કરજે. |
| હ | હર હંમેશા હસતો રહેજે, હોંશિયારીથી જીવન જીવજે. |
| ળ | નળ રાજાની જેમ તું જીવજે, કુમારપાળ રાજાની કીર્તિ કરજે. |
| જ્ઞ | જ્ઞાન દૃષ્ટિ તું સદા રાખજે, જ્ઞાનનો દુરૂપયોગ ના કરજે. |

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



वैरोत्पादी शमध्वंसी क्रोध आरोग्यबाधकः ।
सुखश्रेयोऽभिलाषी तन्नहि क्रोधवशो भवेत् ॥

卐

**ક્રોધ વૈર ઊભું કરે છે, શાંતિ (સમભાવ)ને નષ્ટ કરે છે અને આરોગ્યને બગાડે છે. માટે સુખ તથા કલ્યાણના અર્થીએ ક્રોધને વશ થવું ન ઘટે. ૧૦**

卐

One desirous of happiness and well-being, should not be subject to anger which generates enmity, destroys peace and impairs health. 10

*(કલ્યાણભારતી ચેપ્ટર-૬, ગાથા-૧૦, પૃષ્ઠ-૧૦૫)*

卐

પ્રતિ,

FROM :
**શ્રી આત્માનંદ પ્રકાશ**
ઠે. શ્રી જૈન આત્માનંદ સભા,
ખારગેઈટ, ભાવનગર-૩૬૪૦૦૧

તંત્રી : શ્રી પ્રમોદકાન્ત ખીમચંદ શાહ
મુદ્રક અને પ્રકાશક : 'શ્રી જૈન આત્માનંદ સભા, વતી શ્રી પ્રમોદકાંત ખીમચંદ શાહએ સ્મૃતિ ઓફસેટ, જૈન વિદ્યાર્થી ગૃહ કંપાઉન્ડ, સોનગઢ-૩૬૪૨૫૦માં છપાવેલ છે અને શ્રી જૈન આત્માનંદ સભા, ખારગેઈટ, ભાવનગરથી પ્રસિદ્ધ કરેલ છે.'

For Private And Personal Use Only